વિહારવર્ણન

[૧]

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાન્ત્યાદિગુણગણાલંકૃત વૃદ્ધ ગુરુદેવ પ્રવર્તકજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી કાન્તિવિજયજી મહારાજજી તથા પૂજ્ય ગુરુવર્ય શ્રી ૧૦૮ શ્રી ચતુરવિજયજી મહારાજ આદિ મુનિ મંડળની સેવામાં શિશુ પુણ્ય–પ્રભા–રમણીકની સવિનય સબહુમાન વંદના ૧૦૦૮વાર સ્વીકૃત હો. આપ ગુરુદેવો ધર્મપ્રસાદે સુખશાતામાં હશો. અમે શિશુઓ પણ આપની કૃપાદષ્ટિથી આનંદમાં છીએ.

વિશેષ, આબુરોડ સુધીના અમારા વિહારના સમાચાર શ્રી મૈત્રવિજયજી મહારાજના પત્રમાં લખ્યા હતા તે આપે વાંચ્યા હશે. હવે આગળના સમાચાર આપની સેવામાં નિવેદન કરું છું.

આબુરોડથી અમારો ઇરાદો આબુગિરિ ઉપર જવાનો હતો, પણ ઠંડીના કારણે ઉપર જવાની ના આવવાથી આપશ્રી આજ્ઞાનુસાર ઉપર જવાનો વિચાર અમે માંડી વાળ્યો, અને તુરતમાં નાની મોટી પંચતીર્થયાત્રાનો ક્રમ ગોઠવ્યો. પણ તે અરસામાં અમને સમાચાર મળ્યા કે ખીવાણદીમાં મહા સુદી ૧૦નો પ્રતિષ્ઠા મહોત્સવ છે અને તે સમયે પં. શ્રી લલિતવિજયજી મહારાજ પણ ત્યાં પધારવાના છે. આ ખબર મળવાથી મારવાડમાં પ્રતિષ્ઠા મહોત્સવ કેવો થાય છે, એ જોવાની ઉત્કંઠાથી પંચતીર્થયાત્રાના વિચારને વહેતો મૂકી અમે આબુરોડથી મહા સુદિ ૬ ના દિવસે ખીવાણદી તરફ પ્રયાણ કર્યું.

આબુરોડથી વિહાર કરતાં અમને—

मरुदेशे पञ्च रत्नानि कांटा भाठाश्च पर्वताः ।
चतुर्थो राजदण्डश्च पञ्चमं वस्त्रलुण्ठनम् ॥

એ મારવાડ દેશનાં પંકાતાં પાંચ રત્નો પૈકીનાં 'કાંટા' 'ભાઠા' અને 'પર્વતો' એ ત્રણ રત્નોનો, ડગલે ને પગલે સાક્ષાત્કાર થવા લાગ્યો. જોકે સામાન્ય રીતે આ રત્નોનું દર્શન તો અમને પાંથાવાડાથી જ થવા લાગ્યું હતું, પણ મરુભૂમિનાં અલંકારભૂત એ રત્નો પોતાની રાજધાનીમાં સવિશેષ શોભી રહે એમાં પૂછવાનું શું હોય વારુ ?

રાજદંડ અને વસ્ત્રલૂંટન એ બે કીંમતી રત્નોનું દર્શન અમને આપના પ્રતાપે નથી થયું. અહીંની પ્રજાને એ બન્નેય રત્નોનું દર્શન અવારનવાર થતું જ રહે છે. ખાસ સિરોહી રાજ્યમાં પ્રજાને એનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવ વધારે થાય છે, એમ સાંભળવામાં આવ્યું છે.

રાજદંડની અસર અહીંની પ્રજા ઉપર એટલી તીવ્ર થઈ છે કે અહીંના રહેવાસીમાં લક્ષાધિપતિ કોણ અને ગરીબ કોણ એ જાણી શકાય જ નહિ, કારણ ધનવાન હોય કે ગરીબ, દરેકનાં ઘર, પહેરવેશ, ખાનદાન બધું એકસરખું જ સાદું હોય છે. જોકે અત્યારે અહીંની રાજનીતિમાં ફેરફાર થવાના કારણે તેમ જ અહીંની પ્રજાના પરદેશમાં રહેવાને લીધે ઉપરોક્ત બાબતમાં ઘણાય અપવાદો નજરે આવે છે; તેમ છતાં હજુયે પ્રજાનો મોટો ભાગ એવો છે જે એકસાથે બેઠો હોય તો એ પારખવું શક્ય નથી કે આમાં ધનાઢ્ય કોણ છે અને સાધારણ કોણ છે? એક સમય એવો હતો કે જ્યારે અહીંના રાજાઓ પ્રજા પૈકીના કોઈને પણ ખાનપાન, પહેરવેશ આદિમાં ઠાઠમાઠવાળો જુએ કે તરત જ તેને લૂંટી કરીને ખાલી કરી નાખે. આજે એ સ્થિતિ તો અહીંના રાજકર્તાઓની નથી રહી.

વસ્ત્રલૂંટનનો અર્થાત લૂંટાવાનો ભય હજી સિરોહી રાજ્યમાં છે ખરો. જો એક ગામથી બીજે ગામ જતાં ચોકીદાર મીણો ન લીધો હોય તો જરૂર રસ્તામાં લૂંટાવાનો ભય રહે છે જોધપુર રાજ્યમાં એ ભય રહ્યો નથી, કારણ કે જોધપુર સરકારે રસ્તામાં ઠેકઠેકાણે ચોકીઓ બેસાડી દીધી છે. એટલે એ રસ્તેથી જનારે નિયમ પ્રમાણે ચોકી આપી દેવી જોઈએ. સાથે વળાઉ લેવાની જરૂરત રહેતી નથી. સિરોહી રાજ્યને લગતી કેટલીયે એબ લગાડે એવી વાતો સાંભળવામાં આવે છે; પણ એ સાથે આપણને અત્યારે કાંઈ લેવાદેવા નથી.

આબુરોડથી પ્રયાણ કરી અમે પાંચમે દિવસે ખીવાણદી પહોંચ્યા. અહીંથી ચાલતાં ચાલતાં અમે પાંચપચાસ મારવાડી ભાષાના શબ્દો અને કેટલાંક વાક્યો શીખી લીધાં. અને જ્યાં ત્યાં ભેળસેળવાળી મારવાડી ભાષા હાંકે રાખવા લાગ્યા. કેટલીક વાર અમારી ભાષા સામો માણસ ન સમજે ત્યારે અમને પૂછે કે " થે કણ દેશરા આદમી હો? થારી બોલીમેં ઠા કો નહીં પડે, થારી બોલી અઠારી નહી વે." અમો આ સાંભળી અગડંબગડં ઉત્તરો આપીએ અને મજા થાય.

આબુરોડથી અમે પહેલા બે દિવસ રેલવે સડક ઉપર ચાલ્યા. રેલવે સડક ઉપર ચાલતાં વળાઉની આવશ્યકતા રહેતી નથી, પણ સડક ઉપર પથરા અને કાંકરી એવી પાથરેલ છે કે પગનાં તળિયાં છોલાઈ જાય. અસ્તુ. બે દિવસ ચાલ્યા અને અઠ્ઠાવીસ માઈલની મુસાફરી કરી. ત્રીજે દિવસે રેલવે સડક પડતી મૂકી અને વળાઉ લઈ અમે ગાડા રસ્તે ચાલ્યા. ચોથે દિવસે અમારે ગાડારસ્તે જ શિવગંજ જવું હતું. પણ મારવાડી સેવકોની—મંદિરના પૂજારીની-હરામખોરીને લીધે વળાઉ ન આવવાથી અંતે અમારે રેલવે સડકનું જ શરણું લેવું પડયું. પ્રસંગોપાત્ત એક અનુભવ જણાવી દઉં કે આ સેવકો ગાળોથી જ સીધા થનાર હોય છે. ભલમનસાઈથી તેમની સાથે વાત કરવામાં આવે તો જાણે કોઈ કાંઈ કહે તું જ નથી, તેમ આંખ આડા કાન કરે અને જ્યારે તેમની સાથે કડકાઈથી વાત કરવામાં આવે ત્યારે જ સીધા રહે. મારી સાથે પ્રભાવિજયજી હોવાથી અને તે આ દેશના પરિચિત હોવાથી બધાંયને પહોંચી વળતા હતા. અસ્તુ. પહેલા બે દિવસ રેલવે સડક ઉપર ચાલવાથી અમારા પગનાં તળિયાં એવાં ઘસાઈ ગયાં હતા કે આજે સાત માઈલ ચાલતાં ત્રણ કલાક લાગ્યા. આટલું ચાલ્યા પછી શિવગંજ પહોંચવા માટે અમારે નવ માઈલ ચાલવાનું બાકી જ હતું. શિવગંજ જવા માટે અમારે રેલવે ફાટકથી ઊતરવાનું હતું રસ્તામાં અમે પૂછીએ કે, 'શિવગંજરો રસ્તો કઠેસુ જાવે હે?' ત્યારે જવાબ મળે કે 'ધકે આવે.' જેટલી વાર જે કોઈનેય પૂછો : એક જ નિશાળે ભણેલા હોય તેની જેમ એનો એ જ જવાબ મળે. છેવટે ફાટક આવ્યું અને અમે ગાડારસ્તે ઊતરી શાન્તિનો શ્વાસ લીધો: જોકે ચાલવાનું તો હતું જ—પણ રેલવે સડક ઉપર કાંકરીને લીધે પગ મુકાતો નહોતો તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે આરામ મળ્યો. આગળ ચાલતાં અમે કોઈને પૂછીએ કે ‘ શિવગંજ અઠાસુ કતરો વે ? ’ ત્યારે એ લોકો કેટલીક વાર સુધી અમારી સામે જ જોઈ રહે. જ્યારે બે ત્રણ વાર પૂછીએ ત્યારે બોલે કે ‘ થારે સવગજ જાણો વે ? ’ અમે સમજી ગયા કે અમે શિવગંજ જેવું અશુદ્ધ (?) નામ ઉચ્ચારીએ તે આ લોકો શી રીતે સમજી શકે? છેવટે અમે કહ્યું કે ‘ હાં, સવગજ જાણો વે.’ ત્યારે કહે કે ‘ તીન કોહ વે.’ અમે આગળ રસ્તો કાપવા માંડ્યો અને મનમાં ને મનમાં વિચાર થયો કે મેગાસ્થિનિસ જેવો વિદ્વાન રાજદૂત ‘ચંદ્રગુપ્ત’ને બદલે ‘ સેન્ડ્રોકોટ્સ્’ ઇત્યાદિ લખે અને અત્યારની વિજ્ઞ બ્રિટિશ પ્રજા ‘ ગંગાજી ’ આદિ શબ્દોને બગાડી ‘ ગેન્જેઝ ’ (Ganges) આદિ બોલે –લખે તો ગામડાની અભણ પ્રજા, ગામનાં નામો બગાડે એમાં શી નવાઈ? અસ્તુ અમે કેટલુંય ચાલીએ અને રસ્તે મળનારને પૂછીએ પણ શિવગંજ ત્રણ કોસનું બે કોસ ન થાય. આખરે ત્રણ ત્રણ માઇલના એક કોસને લેખે, ત્રણ કોસ ભૂમિ વટાવી બપોરના દોઢ વાગે અમે સવગજ=સવજગ ઉર્ફે શિવગંજના પાદરનાં દર્શન કર્યાં અને ગામમાં પહોંચ્યા. ત્યાંથી ખીવાણદી સાત માઈલ જ દૂર હતું એટલે બીજે દિવસે ત્યાં ઘણા આરામથી પહોંચ્યા.

ખીવાણદી ગામમાં પ્રતિષ્ઠામહોત્સવ હોવાને કારણે ખૂબ માનવમેદની જામી હતી. મારવાડમાં એવો નિયમ છે કે પ્રતિષ્ઠામહોત્સવ વખતે આજુબાજુના ગામના લોકોને નોતરવા જોઈએ. આજુ-બાજુના લોકો કોઈ કારણસર ન આવતા હોય તો પ્રતિષ્ઠા કરનારે પાઘડી ઉતારીને પણ સૌને મના-વવા પડે છે અને લોકો પણ પ્રતિષ્ઠા કરાવનારના ગૌરવ ખાતર માર્ગ કાઢી મનાઈ જાય છે અને પ્રતિષ્ઠામહોત્સવમાં ભળી શોભામાં વધારો કરે છે.

ભારતીય આર્યપ્રજાના સમર્થ શાસ્તાઓએ આર્યપ્રજાના જીવનની પવિત્રતાના સુકાતા પ્રવાહને સજીવન રાખવા માટે જે બુદ્ધિમત્તાભર્યા રીતરિવાજો ચાલુ કર્યા હતા તે બધાયના મૌલિક ઉદ્દેશો જેમ પ્રજાએ ભૂંસી નાખ્યા છે, તેમ આવા મહોત્સવપ્રસંગે પરસ્પરથી વિખૂટી પડી ગયેલી આંતર તથા બાહ્ય એકતા તેમ જ મીઠાશ સાધવા માટે જે નમ્રતા વગેરે પ્રગટ કરાતાં તેમ જ મિષ્ટ ભોજન જમાતાં તે આજે માત્ર બાહ્ય અને તે પણ ક્ષણિક મિત્રતા અને મીઠાશના રૂપમાં પરિણમી ગયાં છે.

અહીંયાં સ્ત્રીઓનાં ટોળાં ગાતાં ગાતાં દોડાદોડી કરતાં હોય છે, પણ તે શું ગાય છે. એ જરાય સમજાય નહિ; તેમ જ કુદરતી સ્ત્રીજનસુલભ કંઠમાધુર્ય પણ તેમનામાં હોતું નથી. માત્ર બધી ભેગી થઈને હોહો કરતી હોય એમ લાગે છે. આ કાંઈ જૈન સ્ત્રીઓ માટે જ નથી, પણ અન્ય કોમની સ્ત્રીઓ ગાતી હોય તેમના પણ એ જ હાલ છે. સ્ત્રીઓ દોડાદોડ કરતી હોય ત્યારે સામે આવનારની દરકાર તેમને હોતી નથી. જો સામો આવનાર પોતાને સંભાળે નહિ તો ઉભયપક્ષ જરૂર પરસ્પરમાં અથડાઈ પડે. ઘણી વાર એવા બનાવો બની જાય છે કે સામે આવતાં ગાય, ભેંસ કે ઘોડાઓની પણ તેમને પરવા હોતી નથી. જ્યારે સામો માણસ બૂમ પાડે ત્યારે મુશ્કેલીથી દૂર હઠે. આવા બનાવો બનવામાં તેમનો ઘૂંઘટ અને તે સાથે તેમની શૂન્યતા એ જ કારણભૂત છે.

અહીંની પ્રજાનાં ખાન–પાન, પહેરવેશ, ભાષા, કંઠ આદિ જે જુઓ તે બધું જાડું જ જાડું છે. વિધાતાએ આ દેશમાં એકલા પાણીને જ કેમ પાતળું રહેવા દીધું હશે? એ સમજાતું નથી!

અહીંના ગાઉ બહુ મોટા. કેટલીક વાર ત્રણ માઈલનો એક ગાઉ થઈ જાય છે; પણ મોટે ભાગે અઢી માઈલનો ગાઉ તો હોય જ. ‘ ગાઉ ’ ને ‘ કોસ ’ કહે છે. અહીંના લોકો સામાન્ય રીતે ‘ સ ’ ને ‘ ચ ’ બોલે છે અને ‘ ચ ’ ને ‘ સ ’ તરીકે ઉચ્ચારે છે. તથા ‘ ર ’ અક્ષરને મૂર્ધન્ય હોવા છતાં કંઠચ અક્ષરની જેમ બોલે છે. એટલે એ ઉચ્ચારમાં ‘ ગ ’ અક્ષરનો ભાસ થાય છે. અસ્તુ. આ તો

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

બધી સામાન્ય વાત થઈ. સાથે એ પણ કહેવું જોઈએ કે, અહીંના લોકો—શ્રાવકોનો સાધુ પ્રત્યે અતીવ પ્રેમ છે. સાધુઓ માટે તેઓ ખૂબ જ તલસે છે. સાધુઓને જોઈને તેઓ હર્ષ ગદ્ગદ બની જાય છે. તેમનો પ્રેમભર્યો આગ્રહ તરછોડવો ઘણો જ મુશ્કેલ થઈ પડે છે. અમે તો ઘણેય ઠેકાણે એવા પ્રેમભર્યા આગ્રહને તરછોડીને આગળ ચાલ્યા છીએ, કારણ કે અમારે અમારી સ્વેચ્છાએ વિહરવાનું નહોતું. જો આપણા મુનિવર્ગનો આવાં ક્ષેત્રોમાં વિહાર થાય તો ઘણો જ લાભ થાય. અહીંની પ્રજામાં ઉદારતા ઘણી જ છે. અહીંના લોકો પ્રતિષ્ઠા, જિનમંદિર વગેરેમાં દર વર્ષે હજારો નહિ પણ લાખો રૂપિયા ખરચે છે. જો પ્રતિભાસંપન્ન સાધુપુરુષો તેમને સમયાનુકૂલ જૈન ધર્મની વૃદ્ધિનાં કારણો સમજાવે તો જરૂર તેઓ પોતાની ખરી ફરજ સમજે અને પોતાની ઉદારતાના પ્રવાહને તે માર્ગમાં વહાવે એમાં જરાયે શક નથી.

મારવાડના જૈનમંદિરોમાં, ખાસ કરી તીર્થસ્થાનોમાં જે જાતની ચોખવટ, સફાઈ કે ઉજળાશ હોવી જોઈએ એ અમુક સ્થાનો બાદ કરીએ તો બહુ જ ઓછા પ્રમાણમાં હોય છે અથવા નથી જ હોતી. એનું મુખ્ય કારણ એ છે કે, એ તીર્થસ્થાનોના રક્ષણ માટે તેમ જ તેના જીર્ણોદ્ધાર માટે જે આવશ્યક ધન જોઈએ એ ત્યાં નથી હોતું, તેમ જ તેવી આવક પણ ત્યાં હોતી નથી. કેટલેક ઠેકાણે એમ પણ હોય છે કે, પરાપૂર્વથી ચાલ્યા આવતા વહીવટકર્તાઓ પોતે એ મંદિરોની સંભાળ રાખતા નથી—રાખી શકતા નથી અને પોતાની સત્તા તૂટી જવાના ભયે એ મંદિરો શ્રીસંઘને પણ સોંપતા નથી.

અહીંના મંદિરોમાં ક્ષણવાર આંખને સંતોષવા ખાતર ટાઈલ્સનો (રંગબેરંગી વિલાયતી ઈંટોનો) ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે; તેમ જ હજારો રૂપિયા ખર્ચી કાચના ટુકડાઓનું મનમોહક પણ તકલાદી કામ કરાવવામાં આવે છે, જે થોડાં વર્ષોમાં ઊખડીને નાશ પામી જાય છે અને મંદિરની શોભાને બેડોળ બનાવે છે. હજારો રૂપિયા ખર્ચી મૂર્ખતાને ખરીદનાર આ બુદ્ધિમાનોને (?) કોણ સમજાવી શકે? દર વર્ષે આવા તકલાદી કામમાં હજારો રૂપિયાનો દુરુપયોગ થતો જોઈ જરૂર દુઃખ થયા વિના રહેતું નથી. અસ્તુ.

ઉપલક દૃષ્ટિએ જોતાં આ બધી મારવાડની જે વાતો ધ્યાનમાં આવી તે જણાવી છે. ખીવાણદીમાં મંદિરનો પ્રતિષ્ઠામહોત્સવ જોયો. ગૂજરાત કરતાં કાંઈ ખાસ નવીનતા મને તો લાગી નથી. અહીં મંદિર ઉપર ઈંડું કે કળશ ચડાવનારની ઘણી ઇજ્જત ગણાય છે. એ કરતાંય વધારે ધ્વજ ચડાવનારની કીર્તિ ગણાય છે. અને મંદિરમાં ભગવાનની મૂર્તિ પધરાવનારનો તો સૌ કરતાં વધારે યશ ફેલાય છે. આપસમાં લોકો લડતા હોય ત્યારે એ જાતના મહેણા તરીકેના શબ્દો પણ સંભળાવવામાં આવે છે. જેમ કે: "થારે બાપને મિંદરજી ઉપર અંડો તો નહિ ચડાયો વે?" ઇત્યાદિ. આ રીતે એકબીજા એકબીજાને કહે છે એમ સાંભળવામાં આવ્યું છે.

ખીવાણદીથી વિહાર કરી અમે તખતગઢ ગયા. ત્યાં વિદ્વાન મુનિવર શ્રી કલ્યાણવિજયજી મહારાજનાં દર્શન કર્યાં અને તેમની સાથે ત્રણ દિવસ રહી વિવિધ વાર્તાવિનોદ કરી આનંદ અનુભવ્યો.

આગળની હકીકત હવે આવતા પત્રમાં નિવેદન કરીશ. સર્વે મુનિમંડળની સેવામાં સાદર વંદના. સેવકો ઉપર કૃપાદૃષ્ટિ રાખશો, યોગ્ય સેવા ફરમાવશોજી.

દા. શિશુ પુણ્યવિ.ની ૧૦૦૮ વાર વંદના.

['પ્રસ્થાન', આષાઢ-શ્રાવણ, સં. ૧૯૮૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહારવર્ણન

[૨]

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાન્ત્યાદિગુણગણોપેત વૃદ્ધ ગુરુવર પ્રવર્તકજી મહારાજજી તથા પૂજ્ય ગુરુવર શ્રી ચતુરવિજયજી મહારાજજી આદિ મુનિમંડલની પવિત્ર સેવામાં. ચરણોપાસક શિશુલેશ પુણ્ય–પ્રભા–રમણીકની ૧૦૦૮ વાર વંદના સ્વીકારશોજી. આપની કૃપાથી અમે આનંદમાં છીએ. આપ ગુરુદેવો પણ ધર્મપસાયે સુખશાંતિમાં હશોજી.

વિ. તખતગઢ સુધીના સમાચાર આપની સેવામાં નિવેદન કરી ચૂક્યો છું. તખતગઢથી વિહાર કરી અમે ઉમેદપુર ગયા. ઉમેદપુર એ જોધપુર નરેશ શ્રી ઉમેદસિંહજીના નામથી નવું વસાવવામાં આવેલ ગામ છે. ત્યાં પ્રવેશ કરવા પહેલાં દૂરથી બાળકોના જયનાદો સંભળાવા લાગ્યા. અમે જાણતા જ હતા કે એ જયનાદ ઉચ્ચારનાર બાળકો ‘શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાળાશ્રમ’ના વિદ્યાર્થીઓ હતા. એ બાળાશ્રમ આપણા પં. શ્રી લલિતવિજયજી મહારાજજીના અવિરત શ્રમથી કહો, ચહાય ઉપદેશથી કહો, ઉઘાડવામાં આવ્યું છે. વિદ્યાવિહીન મારવાડમાં જૈન પ્રજા માટે વિદ્યાનાં મીઠાં ઝરણાં વહેવડાવનાર મુખ્યતયા આપણા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વિજયવલ્લભસૂરિ છે. એઓશ્રીના અવિરત શ્રમથી મારવાડમાં સૌ પહેલી વિદ્યાલય ખોલવાની ભાવના જન્મી છે. એઓશ્રીના નિઃસ્વાર્થ ઉપદેશથી જન્મતી ભાવનાઓને કચરી નાખવા માટે કેટલાક આપણા મુનિવરોએ તેમ જ તેમના અનુયાયી ગૃહસ્થ વર્ગે સુદ્ધાં અથાગ શ્રમ સેવ્યો છે; તેમ છતાં દેશવિદેશમાં વિચરતી મારવાડી પ્રજામાંના સમજદાર વર્ગે એ વ્યક્તિઓનો સામનો કરીને પણ પોતાની ભાવનાઓને જીવતી જાગતી રાખી છે. અને એના પરિણામરૂપ જ ‘ વરકાણા શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય” ચાલુ છે. આ વિદ્યાલય સાત વર્ષ થયાં ચાલે છે. એને તોડી પાડવા માટે હજુયે અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ પોતાના ઉદયને ઇચ્છતી અને પોતાના કર્તવ્યમાર્ગને સમજતી પ્રજાના મનોરથોને નિર્મૂલ કરવા માટે એ પ્રયત્નો સમર્થ નથી થઈ શક્યા. અસ્તુ. આપણે ઇચ્છીશું કે એ મહાનુભાવો શાન્ત ચિત્તે વિચાર કરે અને પોતાની ભૂલને સમજે અને સુધારે, જેથી સ્વ–પર–ઉભયનું કલ્યાણ સધાય; અન્યથા જાગેલી પ્રજા પોતાનું કામ આગળ ધપાવવાની છે એમાં શક જ નથી.

એક સમય એવો હતો, જ્યારે આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજીએ ગોલવાડમાં અથવા ગોલવાડનાં ગામોમાં પહેલવહેલા કેળવણી માટે વિદ્યાલય ઊભાં કરવા માટેના ઉપદેશની શરૂઆત કરી ત્યારે લોકો ખીસામાંથી પૈસા કાઢવા પડવાના ભયથી ઉપાશ્રયમાં જ ન આવતા અથવા આઘાપાછા થઈ જતા. આજે સ્થિતિ એ છે કે આચાર્ય મહારાજજી કોસો દૂર હોય ત્યાં એ લોકો પોતાના ગામમાં પધારવા માટેનાં આમંત્રણ આપવા હાજર થાય છે.

ઉમેદપુરનો બાળાશ્રમ તેનાથી બે ફર્લાંગ દૂર આવેલ મોરી ગામના વચ્ચેના મેદાનમાં આવ્યો છે. એમાં સો વિદ્યાર્થીઓ રહે છે. મેવાડ, વાગડ, માળવા આદિના વિદ્યાર્થીઓ પણ આ સંસ્થામાં આવેલા છે. સંસ્થા સ્થપાયે માત્ર એક જ વર્ષ થયું છે, પણ એટલામાં એની પ્રગતિ ઠીક થઈ છે એમ કહી શકાય. બાળાશ્રમનાં પોતાનાં સ્વતંત્ર મકાનો ઘણાંખરાં થઈ જવા આવ્યાં છે. કાંઈ સ્થાયી ફંડ પણ થયું છે. સંસ્થાએ પોતાની સ્વતંત્ર સ્કૂલ ચાલુ કરી છે. એ સ્કૂલનો લાભ આજુબાજુની પ્રજાને પણ મળે છે. સંસ્થામાં ધાર્મિક અભ્યાસ સ્કૂલના સમયમાં જ દાખલ કરવામાં આવ્યો છે જેથી ધાર્મિક અભ્યાસ વિદ્યાર્થીને ભારરૂપ ન લાગે. આ બધું આપણા પંન્યાસજી મ. શ્રી લલિત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયજીના અશ્રાન્ત શ્રમને જ આભારી છે અને એમનાથી જ આ સંસ્થા સજીવન થઈ છે અને થવાની છે.

સંસ્થામાં અત્યારનો એમનો નિવાસ એક કુલપતિની ગરજ સારે છે. જો સંસ્થામાં એઓશ્રી ન હોય તો મારવાડી હઠીલા મા-બાપો બાળાશ્રમના બંધારણનો અનાદર કરી બાળકોને પરીક્ષા આદિ જેવા ખરા મોકાના વખતે લગ્ન આદિ પ્રસંગોનું બહાનું કાઢી ઘેર લઈ જવાનો જે દુરાગ્રહ લઈ બેસે છે એમને સમજાવી સંસ્થા અને બાળકનું ભાવી સુધારવાનું મુશ્કેલ બને તેમ જ સ્ટેટના સરકારી અમલદારો દ્વારા બાળાશ્રમ ઉપર આવી પડતી અનેક મુશ્કેલીઓ પાર કરવી એ બધું એમની પ્રતિભાસંપન્ન વાણીના પ્રભાવથી જ થઈ શકે છે. તેમ જ વિદ્યાર્થીઓને અવસરે અવસરે ધાર્મિક ઉપદેશનો પણ લાભ મળતો રહે છે.

ગૂજરાતી પ્રજા કેળવાયેલી અને સહનશીલ છે જ્યારે અહીંની પ્રજા અલ્પ કેળવાયેલી છે. એ લગભગ પરદેશમાં વસનારી છે એટલે અહીં વસનારી પ્રજા સામાન્યતયા 'મેંથે' કરનારી એવં જક્કી હોવાથી જો અત્યારે સાધુની છાયા ન હોય તો સંસ્થાનું જીવન રુંધાઈ જ જાય એ સ્થિતિ છે.

અસ્તુ. મેં તો મારી સ્થૂલ દૃષ્ટિએ જે જોયું-જાણ્યું તે લખ્યું છે, બાકી આવી સંસ્થાઓનું વાસ્તવિક અવલોકન તેના જાણકારો કરે અને તેનો પરિચય આપે એ જ ઉચિત કહેવાય.

ઉમેદપુરથી વિહાર કરી અમે આહોર ગયા. આહોર એ ત્રિસ્તુતિકોનું કેન્દ્રસ્થાન છે. ત્યાં શ્રીમાન રાજેન્દ્રસૂરિ મહારાજનો વિશાળ જ્ઞાનભંડાર છે એમ મેં સાંભળ્યું હતું. મારી ઇચ્છા એ ભંડાર જોવાની હતી પણ ત્યાં કોઈ પરિચિત ન હોવાથી અમે લેટા ગામ ગયા. ત્યાં રસ્તામાં જ શ્રીમાન ભૂપેન્દ્રસૂરિજી મહારાજ તથા ઉપાધ્યાય શ્રી યતીન્દ્રવિજયજી મહારાજ આદિ ભેટી ગયા. શ્રીમાન યતીન્દ્રવિજયજીને હું ઓળખતો હોવાથી મેં ભંડાર દેખાડવા માટે તેમને જણાવ્યું. તેઓશ્રીએ કહ્યું કે જાલોરથી પાછા વળતાં તમે અહીં આવશો ત્યારે જરૂર ભંડાર દેખાડીશું. અમારે લાંબે જવાનું હોવાથી પાએક કલાક ઊભા ઊભા વાત કરી આગળ ચાલ્યા અને લેટા પહોંચ્યા.

લેટામાં અમે જ્યાં ઊતર્યા હતા ત્યાં ગામઠી નિશાળ ચાલતી હતી ત્યાંના માસ્તર પાસેથી બાળકોને પ્રારંભમાં જે ॥ए०॥ उँ नमः सिद्धम्‌આદિ પાટીઓ ભણાવવામાં આવે છે તેમજ ચાણક્ય નીતિના શ્લોકો જે રીતે ભણાવવામાં આવે છે તેનો મેં ઉતારો કર્યો. અહીંના દરેકે દરેક બાળકને એ પાટી આદિ ગોખાવવામાં આવે છે. બાળકની જીભ છૂટી થાય તેમ જ તેને નીતિનું જ્ઞાન મળે એ માટે જે કાતંત્ર વ્યાકરણનું પ્રથમ પાદ ચાણક્યનીતિ આદિના પાઠો અપાતા એ બધાય આજે એવા વિકૃત થઈ ગયા છે, જે સાંભળતાં આપણને હસવું જ આવે.

॥ए०॥ उँ नमः सिद्धं अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः આ પાટીનો ઉચ્ચાર આ પ્રમાણે કરે છે:—

બે લિટિ, ભલે, મીંડું, બડબીલીઆરી, ઉગણ ચોટીઓ, માથે પોડીઓ, નાનો વીટલો, માંમો માવજો, માંમારે હાથમેં દોય લાડુ, સીરાંવાળી છોકરી, પાછી વાળી કુંડાળી, ધામે ઢાયો ધોકલો, માથે ચડીઓ છોકરો, હાથમાં ડાંગ લી, આઈડા દો ભાઈડા, બડો ભાઈ કાનો, એઈ એઈ ઈડી, બડીને ઉકાયરો, આઉ આઉ આંકોડા, બડે પાંખડ કાંટોલા લીલી નરવી કાંટોલા બડી લીલી કાંટોલા, લીલા હુતા હાપો, વડા હાપા વેલો, એન મેન ગાડી, વડી ગાડી માત્રો, ઓલગવાળા બળદીયા, બડે બેંગણ જોતરીઆ, અમીઆ દો આસરી, એકણુ માથે એક દે, દૂજા આગા દો દે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાતંત્ર વ્યાકરણના પ્રથમ પાદની પાટી આ રીતે ગોઠવવામાં આવે છે :—सिधो वरणा, सभामनाया, त्रेत्रे चतुर कदसिया, दौ सवेश, दशे समाना, तेखु दुघवा, वरणो वरणो, नशि सवरणो, पुरवोरक्खा, पारो दर्घा, सारोवरणो, विणजे नाभि, इकरादेणि, संध्य कशंणि, कादि नाउं, विण जे नाभि, ते वरगा पंचो पंचिआ, वरगां णाउ, प्रथम दिवटिया, श्री शखो सारांशिया, गोरागोख, वतोरणे, अनुसार शंखा, निनांपिनमः अंघासंधा, जेरेलव्वा, उखमण शंखोषाहा ।

ઉપર ||ए०|| ॐ नमः सिद्धं આદિની જે પાટી જણાવી છે તેને સૌ કોઈ ગોખે ગોખાવે જાય છે, પણ કોઈને આખી જિંદગીમાંય ખબર નથી પડતી કે આ શું છે? આ પાટીમાંનો કોઈ કોઈ અંશ મને સ્પષ્ટ નથી સમજાતો તેમ છતાં એ પાટી જોડણીરૂપ છે એ સ્પષ્ટ દેખાય છે. જેમ કે—પ્રારંભમાં બે લીટી છે, તે પછી ભલે મીંડું અને બે પાણ છે. પછી ચોટલીવાળો ઉકાર છે. (દેવનાગરી લિપિમાં ઉકાર ઉપર પાંખડું તાણવાથી ઓકાર બને છે. જેમ કે उ. તેના ઉપર અર્ધચંદ્રાનુસ્વારરૂપ પોઢિયો બેઠો છે. તે પછી વીંટલારૂપ न છે, આગળ म છે અને તેના આગળ બે લાડવારૂપ વિસર્ગ છે. પછી स છે અને તેની પાછળ કુંડાળીરૂપ હ્રસ્વ ઇકાર છે, તે પછી द માં ध જોડેલો છે. એના ઉપર અનુસ્વારરૂપ છોકરો બેઠો છે. આગળ પૂર્ણવિરામસૂચક લીટી છે જે द्धं ની સાથે જોડાઈ ગયેલ હોવાથી ઉપર બેઠેલ અનુસ્વારરૂપ છોકરાએ હાથમાં ડાંગ પકડેલી હોય તેવી લાગે છે. ઇત્યાદિ વિચાર કરતાં એ સ્પષ્ટ જણાય છે કે આ પાટી જોડણીરૂપ અને લિપિના આકારસૂચક છે.

કાતંત્ર વ્યાકરણનાં સૂત્રોવાળી પાટી મૂળ સૂત્રોનું રૂપ વિકૃત થઈને બનેલી છે. વાસ્તવમાં એ सिद्धो वर्णसमाम्नायः । तत्र चतुर्दशादौ स्वराः । दश समानाः । तेषां द्वौ द्वावन्योन्यस्य सवर्णौ । पूर्वो ह्रस्वः । परो दीर्घः । ઇત્યાદિ સૂત્રો છે.

ઉપર સ્વરની પાટી આપી છે તેમ વ્યંજનની પાટી પણ છે. એને સ્વરની સાથે જ શીખવવામાં આવે છે. ગૂજરાતની ગામડી નિશાળોમાં આ પાટી તો ભણાવવામાં આવે છે. એમાં અને મારવાડની પાટીમાં સહેજ અંતર હશે ખરું. એ પાટી આ પ્રમાણે છે :—

કક્કો કેવડો, ખખ્ખો ખાજેલા, ગગ્ગા ગોરી ગાય વીયાણી, ઘઘા ઘરટ પલાણ્યો જાય, નનીઓ (ઙ ઙ ઓ) આમણ દુમેણા, ચચ્ચા ચીની ચોપડી, છછા વદિયા પોટલા, જજ્જો જેસલવાણીઓ, ઝઝો ઝોળી સારીખે, ઞઞીઓ ખાંડો, ટટ્ટો પોલિખાંપુ, ઠઠા ઠોબર ગાહુઓ, ડડ્ડા ડામર ગાંઠે, ઢઢા સુંણો પૂછે, ણણો તાણો સેલે, તત્તો તાવે તે લે, થથા થૈ રખવાલી, દદીઓ દીવટો, ધધીઓ ધાણકો, નનીઓ ધુલાયસે, પપા પોલી પાટે, ફફા ફગડે જોડે, બબ્બા માંહે ચાંદણું, ભભીઓ ભાટ મૂલે નરો, મમીઓ મોચક, યયીઓ જાડો પેટકો, રાયરો કટારમલ્લ, લલ્લા ઘોડે લાતવા, વવા વિંગણ વાસ દે, શશા કોટા મરડીઆ, ષષો ખૂણે ફાડીઓ, સાસે દંતી લોક, હાહોલા હરિણિકલો, લાવે લચ્છિ દો પણિહાર, ખણીઆ ખાટક મોર, પાલે બાંધ્યા બે ચોર, મંગલ મહાશ્રી, દે વિદ્યા પરમેસરી.

શ્રીમાન રાજેન્દ્રસૂરિએ કલ્પસૂત્રના ભાષાંતરમાં ઉપરોક્ત પાટીઓના અર્થો આપ્યા છે, એ મેં જોયા, પણ મને એ બધા બંધબેસતા લાગ્યા નથી. કેટલાય તાણી તૂસીને કાઢેલા એ અર્થો છે.

પહેલી પાટીનો અર્થ આ પ્રમાણે એમાં આપ્યો છે: બે લીટી-જીવની બે રાશિ છે સિદ્ધ સંસારી. ભલે-અરે જીવતું સિદ્ધની રાશિમાં ભળવા ઇચ્છે છે. મીંડું–સંસાર ઊંડો કૂવો છે. તેમાંથી તું નીકળવા ઇચ્છે છે. બડ બિલાડી–સંસારમાંથી જીવને કાઢવા માટે એ બિલાડી છે. ઓગણ ચોટીઓ માથે પોઢીઓ –ચૌદ રાજલોકની ચોટી ઉપર સિદ્ધના જીવ રહેલ છે. નનો વીટલો–જીવ તું કામભોગથી વીંટળાયેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહીશ તો અધોગતિ થશે. મમો માઉલો–સંસારમાં જીવનો મોહ મામો છે. મમારે હાથમેં દો ય લાડુ –મોહના હાથમાં કામ-ભોગરૂપ બે લાડુ છે તેથી જીવને મોહ પમાડે છે.

આવા બધા અર્થો આપ્યા છે. આવા અર્થો બંધબેસતા ન કહેવાય.

ચાણક્યનીતિના પાંચ પચીસ શ્લોકો ઘણા બાળકો શીખે છે. એ શ્લોકો કથાકાર વ્યાસ લોકોના શ્લોકોચ્ચારને મળતા જ અશુદ્ધ થઈ ગયા છે.

આ પાટીઓ મારવામાં એક છેડાથી બીજા છેડા સુધી દરેકે દરેક ઠેકાણે બાળકોને શીખવવામાં આવે છે. ॥ ए० ॥ ॐ नमः सिद्धं ।ની પાટી કોઈ જમાનામાં મારવાડ દેશમાં જૈન સંસ્કૃતિનું પ્રાબલ્ય સૂચવે છે એમ મને લાગે છે. સિદ્ધ પદ જૈન સંપ્રદાયમાં જેટલું પૂજ્ય અને માંગલિક મનાય છે. એટલું બીજા સંપ્રદાયમાં ભાગ્યે જ મનાતું હશે.

લેટાથી જાલોર એક ગાઉ થાય છે ત્યાં અમે ગયા. એનું પ્રાચીન નામ જાવાલ છે. ત્યાં જઈને અમે ગામનાં મંદિરોનાં દર્શન કર્યાં. અહીંના મંદિરો ઘણા જ મેલાં છે. મંદિરોની જેવી જોઈએ તેવી સારસંભાળ નથી. એક મંદિરમાં શ્રી હીરવિજયસૂરિજીની મૂર્તિ છે એ ઘણી જ સરસ છે, પણ એ એમને એમ મેલી હાલતમાં પડેલી છે.

બપોરના અમે અહીંનું તોપખાનું જોવા ગયા. આ તોપખાનું મોગલ જમાનાની મસ્જિદ છે. એ ઢગલાબંધ જૈનમંદિરો તોડી એમાંના મંડપોને અકબંધ લાવીને તૈયાર કરવામાં આવી છે. એ મંડપો મહારાજ ચંદનવિહાર, કુમારવિહાર આદિ અનેક જૈન રાજવિહારોમાંના મંડપો છે. એ મંડપોની છતમાં જે કોરણી છે એ આબુજીની કોરણી કેવી છે એ મેં આબુજીની યાત્રા કરી નથી એટલે હું જાણતો નથી. પણ સાંભળવામાં આવ્યું છે તે પ્રમાણે આબુજીની કોરણીને હરાવે એટલી અદ્દભુત છે. આ કોરણી જોતાં મને હેન્ડકેમેરા યાદ આવ્યો. જો મારી પાસે એ હોત તો જરૂર હું છતમાંની એ કોરણીના ફોટા લઈ લેત. મંડપોની છતમાં અને થાંભલાઓમાં ઠેકઠેકાણે અનેક નાનામોટા શિલાલેખો છે. એ બધાય લગભગ છપાઈ ગયા છે. મોગલ જમાનાની એ મસ્જિદ રાજપૂતોના હાથમાં આવતાં એમાં તોપો ગોઠવવામાં આવતી હોવાથી એને તોપખાના તરીકે ઓળખવામાં આવે છે. આ મસ્જિદ અથવા તોપખાનું ઘણું જ વિશાળ છે. જાલોર આવનાર આ તોપખાનાને ન જુએ એ તો એનું જાલોર આવવું એ ન આવવા બરાબર છે.

બીજે દિવસે અમે કિલ્લામાં દર્શન માટે ગયા. કિલ્લો જાલોરની નજીકના પહાડ ઉપર આવેલ હોવાથી જાલોરદુર્ગ તરીકે ઓળખાય છે. આપણા આચાર્યો આ દુર્ગને કનકાચલ, સ્વર્ણગિરિ આદિ નામોથી ઓળખાવે છે. પહાડ ઉપર લગભગ અર્ધો માઈલ જેટલો ચડાવ ચડયા પછી આપણા મંદિરો આવે છે. ત્યાં પહોંચતાં રસ્તામાં ત્રણ દરવાજાઓ આવે છે. ત્રીજા દરવાજામાં સરકારી પહેરેગીરો રહે છે. તેઓ ત્યાં આવનાર પાસે અંદર દાખલ થવા માટેનો પાસ માગે છે. પાસ ન હોય તેમને અંદર જવા માટે મનાઈ કરવામાં આવે છે. અમે મંદિરોના પૂજારી સાથે ગયા હતા એટલે અમારે પાસની આવશ્યકતા રહી ન હતી. ત્રીજા દરવાજામાં પેસતાં જ એક મસ્જિદ નજરે પડી. અમે અંદર ગયા ને જોયું તો એ જૈન મંદિરોના ભવ્ય મંડપોની બનેલી છે. મસ્જિદ જોઈને અમે એનાથી થોડા અંતરે આવેલાં આપણાં જિનાલયોનાં દર્શન કર્યાં. આ મંદિરોની હકીકત આપે ‘જૈન’પત્રના રૌપ્ય મહોત્સવ અંકમાંના મુનિશ્રી કલ્યાણવિજયજીના લેખમાં વાંચેલી છે એટલે નથી લખતો. આ સિવાય નજીકમાં જ સરકારી દારૂગોળા વગેરે ભરેલાં અનેક મકાનો છે. થોડે દૂર એક કૂંડ અને દેવીનું મંદિર આવેલું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કુંડ ઘણો મોટો છે પણ તેમાંનું પાણી વપરાશ ન હોવાને લીધે સ્વચ્છ નથી. કિલ્લામાં અનેક ઠેકાણે તોપો ગોઠવવાના મોરચાઓ છે. અમે કોટની રાંગે રાંગે માઈલ દોઢ માઈલ સુધી ફરીને કિલ્લાને અને એ મોરચાઓને જોયા. કેટલેક ઠેકાણે હજુયે તોપો પડેલી છે અને એના ઉપર લેખો પણ કોતરાયેલા છે. રાંગે થઈને અમે રાજા વીરમદેવની ચોકીએ જવાના હતા, પણ એ ઘણી દૂર હોવાથી અમે અધવચથી પાછા વળ્યા અને ઉપાશ્રયે આવ્યા.

ત્રીજે દિવસે અમે જાલોર પાસેની એક ટેકરી ઉપર આવેલ નટની ચોકી જોવા ગયા. એને માટે એવી કિંવદન્તી છે કે આજથી બસોએક વર્ષ પહેલાં ત્યાંના રાજાએ, પોતાની કળા બતાવવા માટે આવેલ કોઈ નટને કહ્યું કે આ બે સામસામી જે ટેકરીઓ દેખાય છે (એકથી બીજી બે માઈલને અંતરે આવેલી છે) તેના ઉપર દોરડું બાંધી તે દોરડા ઉપર થઈ એકથી બીજી ટેકરી ઉપર તું જાય તો તને જાલોરનો કિલ્લો બક્ષિસ કરી દઉં.

નટે કહ્યું: "મહારાજ! આપ કિલ્લો નહિ આપી શકો માટે રહેવા દો."

રાજાએ કહ્યું: "તારામાં એકથી બીજી ટેકરીએ પહોંચવાની તાકાત નથી એમ જ કહી દે, નહિ આપવાની વાતને જવા દે."

છેવટે એ સમર્થ કલાધર નટે વાત કબૂલી લીધી અને દોરડું બાંધી તે ઉપર થઈ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં અર્ધે રસ્તે આવ્યો ત્યારે રાજાને અથવા રાજાના કોઈ અમલદારને લાગ્યું કે આ કિલ્લો નટના હાથમાં જાય એ ઠીક નથી થતું. આમ વિચારી નટ અધવચમાં હતો તે જ વખતે એક બાજુથી દોરડું કાપી નાંખ્યું અને નટરાજ નગરના અધવચમાં પટકાઈ પડી મરી ગયો.

આજે નગરના જે સ્થળે એ નટ પટકાઈને મરણ પામ્યો હતો તે સ્થળે લેખ છે. એ લેખ જોવા હું ગયો, પણ બજાર ભરચક હોવાથી તેમ જ લેખવાળી જગાએ લોકો ટોળે મળવાથી, લેખ વાંચવાનું બની શક્યું નથી. બીજે દિવસે અમારે વિહાર કરવાનો હોવાથી જોવાનો સમય ન મળ્યો. કદાચ વખત મળ્યો હોત તોપણ લેખવાળો પથ્થર બજારના વચમાં આવેલ હોવાથી તે ઉપરના લેખને લોકોએ ટોચી ટોચીને ખરાબ કરી નાખેલ હોઈ તેને વાંચવો દુષ્કર હતો. આજે પણ નટ લોકો આ નગરમાં રાતવાસો વસતા નથી.

હું અને મુનિશ્રી રમણિકવિજયજી એ સમર્થ કલાધર નટરાજના સ્મૃતિચિહ્નને જોવા માટે ગયા. અમે એ ટેકરીના રસ્તા માટે લોકોને પૂછ્યું, પણ ત્યાં કોણ જતું હોય કે રસ્તો હોય અથવા રસ્તાને જાણનાર હોય. અસ્તુ અમે અનુમાનથી ચાલવા માંડ્યું. રસ્તો એકંદર અમને ઘણો સારો મળી ગયો. લગભગ પાંચસો ફીટ ઊંચી એ ટેકરીને અમે ઘણી ખરી ઓળંગી ગયા, પણ ઉપરનો ચાળીસ પચાસ ફીટ જેટલો ભાગ એવો કપરો નીકળ્યો કે રસ્તો જ ન મળે. છેવટે આમતેમ ફરી ફરીને પથ્થરોની ફાટો–બખોલોનો આશ્રય લઈને અમે સંભાળપૂર્વક ટોચ ઉપર પહોંચ્યા. ત્યાં એક લગભગ સમચોરસ અને ચાલીસેક ફીટ લાંબી–પહોળી શિલા આવેલી છે. તેના મધ્ય ભાગમાં એ સમર્થ નટરાજની ચોકી બનાવેલી છે. ચોકી આરસની બનેલી છે. એમાં લેખ આદિ કશુંય નથી. માત્ર એક થાંભલા ઉપર બે ઇંચ મોટા કોતરેલા "पूरव भाव वु" આ અક્ષરો નજરે આવ્યા. અમે ચોકી ઉપર ઠંડી હવાને ઝીલતા પોણોએક કલાક બેઠા અને મારી પાસેની કાતરથી ચોકીના થાંભલા ઉપર અમારું નામ, સંવત, તિથિ આદિ કોતરી કાઢ્યું. પછી ત્યાં બેસી અમારી પાસેના દૂરબીનથી આજુબાજુના પ્રદેશો, પહાડો, ગામો આદિ જોયું અને સાવચેતી પૂર્વક એ કપરી ટેકરી ઉપર સહીસલામત અમે નીચે ઊતરી આવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસ્તો વિષમ અને કાંટાળા ઝાડોથી વ્યાપ્ત એટલે સંભાળ રાખવા છતાં કપડાં કાંટામાં ભરાય અને ફાટી જાય એમાં પ્રશ્ન હોય ખરો ?

બીજી ટેકરી ઉપર કાંઈ છે કે નહિ એ અમે ત્યાં ગયા નથી એટલે કહેવાય નહિ, એ ટેકરી ઉપર જવાનો રસ્તો ઘણો કઠણ હતો અને અમને જવાનો અવસર પણ ન હતો.

નટની ચોકીના સામે દૂર નીચેના મેદાનમાં હરજી ખાંડું છે. એ રાજા વીરમદેવના મસ્તક સાથે બાદશાહની દીકરીએ લગ્ન કર્યાં અને તે સાથે પોતે દફનાઈ મૂઈ એ હકીકતના સ્મરણ માટે બંધાયેલું છે એમ કહેવાય છે. એ આરસનું છે. એક મોટી ઊભી ભીંત જેવું અને મસ્જિદના આકારનું એ મકાન છે. આ ચોકી અને ખાંડું જાલોરના પશ્ચિમ તરફના દરવાજા બહાર વાયવ્ય કોણમાં આવ્યાં છે.

અહીંના ચંડીના મંદિરમાં આપણા મંદિરના થાંભલાઓ છે, પણ દૂર હોવાથી અમે જતાં જતાં અધવચ્ચેથી પાછા વળ્યા.

જાલોરથી અમે સીધા આહોર આવ્યા અને 'અભિધાન રાજેન્દ્ર પ્રાકૃત કોશ'ના સમર્થ પ્રણેતા શ્રીમાન રાજેન્દ્રસૂરિ મહારાજના જ્ઞાનભંડારની ટીપ જોઈ. ભંડાર અતિ વિશાળ છે પણ પુસ્તકો લગભગ નવાં લખાયેલાં છે. ખાસ નવું પુસ્તક કાંઈ જોવામાં આવ્યું નથી. આથી હું એમ નથી કહેતો કે એ ભંડારમાં મહત્ત્વ નથી. બાકી અત્યારના મુદ્રણયુગે લિખિત જ્ઞાનભંડારોની કિંમત ઓછી કરી નાંખી છે એ સર્વત્ર પ્રસિદ્ધ વાત છે. આ ભંડારમાં પાલીવાલગચ્છની પટ્ટાવલી અપૂર્વ હતી. તેનો મેં ઉતારો કરી લીધો છે. એમાં કેટલીએક વાતો, સાચી હો કે ન હો, પણ નવી છે. વિજ્ઞપ્તિ ચિત્રપટ આદિ દર્શનીય વસ્તુઓ પણ ભંડારમાં છે.

આપશ્રી ઘણી વાર વાતવાતમાં કહેતા કે, રાજેન્દ્રસૂરિજી જબરદસ્ત લેખક હતા, કામ પડે તો એક દિવસમાં સાતસો શ્લોક લખી કાઢતા, એમના અક્ષરો મોતીના દાણા જેવા હતા, એ વાત મારા ધ્યાનમાં હતી. એટલે મેં એમના હસ્તાક્ષરથી લખાયેલ ભગવતીસૂત્ર, પન્નવણાસૂત્ર આદિ સટીક સચિત્ર પુસ્તકોનાં દર્શન કર્યાં. ખરે જ સુંદર લિપિવિન્યાસ કરનાર તેઓ હતા એમાં જરાય શક નથી.

આહોરમાં ત્રિસ્તુતિકનું વિશાળ મંદિર છે. પહેલાં ત્રિસ્તુતિક અને ચતુઃસ્તુતિક પરસ્પર હળતા-ભળતા ન હતા તેમ એકબીજાના મંદિરમાં ભગવાનનાં દર્શન કરવા માટે પણ જતા ન હતા; પરંતુ અત્યારે એટલું વૈર રહ્યું નથી, જોકે પોતપોતાના પક્ષની તાણાતાણી તો છે જ.

આહોરથી અમે ગુડા બાલોતરા આવ્યા. ત્યાંથી ઉમેદપુર જતાં રસ્તામાં યતિશ્રી નેમવિજયજીની બગીચી છે. તેમાં મકાન બાંધી માંદડી ગામમાંથી નીકળેલી પ્રતિમાઓ પધરાવવામાં આવી છે. એમાં બે કાઉસ્સગિયા છે. જે જાવાલના રાજા ઉદયસિંહના મંત્રી યશોવીરે પોતાની માતા ઉદયશ્રીના કલ્યાણનિમિત્તે પધરાવેલા છે. આ મંત્રી બીજો કોઈ નહિ પણ આબુજી ઉપર મંત્રી વસ્તુપાલ–તેજ-પાલકારિત લુણિગવસહિના પ્રતિષ્ઠામહોત્સવ ઉપર આવેલ જાવાલના રાજા ઉદયસિંહની સાથે આવનાર તેનો મંત્રી હતો, જેણે લુણિગવસહિ બનાવવામાં થયેલ શિલ્પને લગતી ચૌદ મોટી ભૂલો મંત્રી વસ્તુપાલ–તેજપાલને દેખાડી હતી.

આપે ઉમેદપુરના એક પત્રમાં સૂચવ્યું હતું કે આચાર્ય મહારાજજીએ લખ્યું છે કે પુણ્યવિજય આદિ મારવાડમાં આવ્યા છે તો સાથે સાથે કેસરિયાનાથજીની યાત્રા કરે તો મળવું થઈ જાય. અમને થયું કે, આચાર્ય મહારાજશ્રી સ્વયં અમને દર્શન દેવા ઇચ્છે છે તો અમારે દર્શનનો લાભ શા માટે ન લેવો ? અમારે તો એકસાથે સ્થાવરજંગમ એમ ઉભય તીર્થના દર્શનનો લાભ હતો એટલે અમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉમેદપુર આવી કેસરિયાનાથજીની યાત્રાએ જવાનો નિર્ણય કર્યો અને મેવાડ દેશનો રસ્તો લીધો.

ઉમેદપુરથી તખતગઢ થઈ સાંડેરાવ ગયા. અહીંનું મંદિર તેરમી સદીનું છે. મારવાડનાં ઘણાં-ખરાં મંદિરો અગિયારમી બારમી તેરમી સદીનાં છે અને બાવન જિનાલય, ચોવીસ જિનાલય આદિ વિશાળ ચૈત્યો છે. આ મંદિરોના ગભારાઓ ઘણા સાંકડા હોય છે. મંદિરોની બાંધણી ગૂજરાતનાં મંદિરો કરતાં જુદી જાતની છે. નવાં મંદિરો એવાં નથી બનતાં. નવાં તો લગભગ ગૂજરાત જેવાં જ બને છે. અહીંના મંદિરમાંથી હમણાં એક નવું ભોંયરું નીકળ્યું છે. એમાંથી પથ્થરના ટુકડાઓ નીકળ્યા છે તેમાંના એક ઉપર સંવત ૧૦૬૦ એટલા અક્ષરો છે; આગળના ટુકડા મળ્યા નથી.

સાંડેરાવથી અમે વરકાણા આવ્યા. અહીંયાં પણ ઉમેદપુરની જેમ બાળકોનો કોલાહલ સામેથી સંભળાતો હતો. અમે પાર્શ્વનાથ જૈન વિદ્યાલયના મકાનમાં ઊતર્યા હતા. આ વિદ્યાલયમાં સ્વતંત્ર સ્કૂલ આદિ સાધનો મોટા પાયા ઉપર છે. અહીંયાં મિડલ સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. તે પછી આગળ અભ્યાસ કરવા ઇચ્છનારને જોધપુર આદિ ઠેકાણે જવું પડે છે. વિદ્યાલય મિડલથી આગળના કલાસો ખોલવા ઇચ્છે છે. સંભવ છે કે નવા વર્ગો ઊઘડશે.

વરકાણાથી અમે મુંડારા ગયા. ત્યાં ચાર દિવસ રહ્યા. તેમાં યતિજી શ્રી જસવંતસાગરજીનો અર્ધો પુસ્તકભંડાર જોવાનું જ કામ કર્યું. આ ભંડાર જૂનો છે. એમાં સંસ્કૃત ટીકાગ્રંથો કરતાં સરતબક સૂત્રો, કથા આદિ ગ્રંથો જ વધારે છે. એ સિવાય વૈદ્યક, જ્યોતિષ આદિ ગ્રંથો પણ છે. ભંડાર મોટો છે, પણ અત્યારના મુદ્રણયુગમાં લિખિત જ્ઞાનભંડારોની કિંમત ઓછી જ થઈ ગઈ છે. મંત્ર–તંત્રાદિ જોવા ઇચ્છનાર માટે તો આ ભંડાર રસપ્રદ છે. ફાગણ ચોમાસી ચૌદશ અમે અહીં જ કરી. ભંડાર-માંથી મેં નાનાં પ્રકરણોનો ઉતારો કર્યો છે. ફાગણ વદિ એકમે અમે મુંડારાથી ત્યાંના શ્રાવક-શ્રાવિકા સમુદાય સાથે રાણકપુરજી આવ્યા. રાણકપુરજીમાં આપણી ધર્મશાળા, મંદિરો, સરકારી ચોકી એ સિવાય બીજું કાંઈ જ નથી. આપણાં ચાર મંદિરો અને એક સૂર્યમંદિર મળી એકંદર પાંચ મંદિરો છે. મંદિર આદિની ચોમેર ઊંચા ઊંચા પહાડો અટકાયેલા છે. પાંચે મંદિરોમાં સર્વશ્રેષ્ઠ, મહાન અને દર્શનીય મંદિર પ્રાગ્વાટવંશવિભૂષણ શેઠ ધરણાશાહ સંઘવીનું બંધાવેલું મંદિર છે. એ મંદિરનું નામ **चतुर्मुख श्री आदीश्वर प्रासाद** છે. એ મંદિર બાંધનાર બાહોશ સૂત્રધાર શિલ્પીનું નામ રા. દેપાક છે. મંદિરને એકસરખા વિશાળ ચાર દિશામાં ચાર દરવાજા છે. મુખ્ય દરવાજો પશ્ચિમ દિશા તરફનો મનાય છે, અને એ જ અત્યારે ખુલ્લો રહે છે. લોકો આ દરવાજેથી જ અંદર દાખલ થાય છે, બાકીના ત્રણ દરવાજાઓ જંગલી પ્રાણી, ચોર આદિના કારણે બંધ જ રહે છે. મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૪૯૬માં થઈ છે. એ પ્રસંગે તપા શ્રી સોમસુંદરસૂરિ આદિ અનેક આચાર્યો સામેલ હતા. મંદિર જોતાં જ અતિ અદ્‌ભુત લાગે છે. ત્યાં વસનારા સેવકો કહે છે કે આ મંદિર જૈન સંપ્રદાય પ્રસિદ્ધ નલિનીગુલ્મ નામના દેવવિમાનમાં જેવું જૈન મંદિર છે તેને મળતું બાંધવામાં આવ્યું છે. આ વાત કદાચ અતિશયોક્તિભરી હોય તેમ છતાં મંદિરની બાંધણી અતિ આશ્ચર્યભરી છે એમાં લેશ પણ અતિશયોક્તિ નથી. અમે મંદિરને જોતા હતા ત્યારે ત્યાંના એક સેવકે ગાયું કે—

આબુજીની કોરણી, ને રાણકપુરની બાંધણી,
તારંગાનો ઉંચપણો, ને શેત્રુંજાનો મહિમા,
કટકો બટકો ખાવો, પણ રાણકપુરજી જાવો.

ખરે જ, જેમ આબુજીની કોરણી અજોડ છે તેમ અહીંના મંદિરની બાંધણીનો નમૂનો પણ દુનિયામાં બીજો જડે. અહીંના મંદિરની બાંધણીનો પૂરેપૂરો ખ્યાલ સમર્થ ફોટોગ્રાફરના ફોટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરથી પણ ભાગ્યે જ આવી શકે તેમ છે. ચૌદ સો ચુમાલીસ થાંભલાઓ, વિવિધ મંડપો, વિવિધ કોરણીયુક્ત છતો અને તોરણો, ઉન્નત અને કોરણીયુક્ત થાંભલાઓ, માળોની રચના, શિખરો અને છેવટે મંદિરની વિશાળતા એ બધી બાબતોનો ખ્યાલ એ ફોટાઓથી એકસાથે શી રીતે આવી શકે ? આમ છતાં મંદિર ધાર્યા પ્રમાણે પૂર્ણ થઈ શક્યું નથી. એમ કહેવાય છે કે ધરણાશાહે પોતાનું આયુષ્ય અલ્પ જાણી મંદિરનું અધૂરું રહેલું કામ જેમતેમ કરીને પૂરું કરાવી લીધું. ઉપલક દૃષ્ટિએ જોનારને પણ મંદિરની એ અપૂર્ણતા ધ્યાનમાં આવી જાય તેમ છે. મંદિરમાં પ્રવેશ કરતાં તેમ જ ઉપરના ભાગમાં અનેક ઠેકાણે મસ્જિદના આકારો બનાવેલા છે. એ મુસ્લિમ રાજાઓ અથવા તેમના અમલદારો ધાર્મિક ઝનૂનમાં આવી મંદિરને તોડી ન નાખે એ મોટેનો એક તરીકો છે. સંખ્યાબંધ જૈન મંદિરો આ તરીકાથી મોગલોના હાથથી ભાંગતાં બચી જવા પામ્યાં છે. મંદિરનો મુખ્ય લેખ ચૌમુખજીના દ્વાર પાસે લાગેલો છે. એ સિવાય ભીંતોમાં અને થાંભલાઓ ઉપર બીજા ઘણા લેખો છે. પણ ઘણાખરા ત્યાં યાત્રા કરવા આવનારાઓએ ત્યાંના સલાટોને પૈસા આપીને, જાણે લખા દેવાથી યાત્રા સફળ થઈ જતી ન હોય તેમ 'પોતાની યાત્રા સફળ'ના લેખો કોતરાવ્યા છે. ઠેકઠેકાણે સલાટોનાં નામ કોતરાયેલાં છે. અને હજુ પણ લખાયે–કોતરાયે જાય છે. પોતાની પુણ્ય લક્ષ્મીને પાણીની જેમ આ મંદિર બંધાવવા માટે ખરચનાર સંઘવી શેઠ ધરણાશાહની અને પોતાનાં સંપૂર્ણ શિલ્પકૌશલ્યને આ મંદિરની રચના માટે કામમાં લેનાર સૂત્રધાર રા. દેપાકની મૂર્તિઓ મૂળ ગભારાની સામે આવેલા બે થાંભલામાં કોરાયેલી છે. આ બન્નેય મહાપુરુષોના વંશજો અત્યારે વિદ્યમાન છે, પણ મૂળ પુરુષોનો એ લક્ષ્મીવૈભવ અને જ્ઞાનવૈભવ આજે એમનામાં નથી રહ્યાં.

આ મંદિરમાં ચોરાસી ભોંયરાં છે એવો પુરાણો ઘોષ ચાલ્યો આવે છે, પણ અત્યારે કોઈને એની યાદ નથી. અમે મંદિરમાં પાંચ ભોંયરાં જોયાં. એમાંનું એક ભોંયરું જે રાયણના ઝાડની નજીકમાં ઉત્તર બાજુના ચોમુખજીની સામે આવેલું છે, એ દર્શનીય છે. બીજું સામાન્ય છે. કેટલાંક ભોંયરાં તો મોટાં આળાં જેવાં છે. મંદિરની વિશાળતા જોતાં નાનાં મોટાં થઈ ચોરાસી ભોંયરાં હોવાં અસંભવ નથી. અમે જે ભોંયરાં જોયાં તેમાં સારામાં સારી નાની તેમ જ મોટી સંખ્યાબંધ મૂર્તિઓ અવ્યવસ્થિત દશામાં પડેલી છે. એ બધી પંદરમી અને સોળમી શતાબ્દીની પ્રતિષ્ઠિત છે.

અહીંનું મંદિર લગભગ પાંચ શતાબ્દીઓના વાયરા ખાવાને લીધે ઘણે ઠેકાણે પુનર્જીવન માંગે છે. એક લાખ રૂપિયા હોય તો તે પણ ઓછા પડે તેમ છે. કોઈ ભાગ્યશાળી આનો જીર્ણોદ્ધાર કરાવવા પોતાનો હાથ લંબાવે એમ સૌ કોઈ ઇચ્છે અને કહે. પણ મને કહેવા દે તો હું તો ઉમેરું કે, એ દ્રવ્ય વિજ્ઞ મનુષ્યના હાથમાં જ સોંપવું જોઈએ કે જેથી મંદિરનો ઉદ્ધાર થવાને બદલે એની કળાનો, એની પ્રાચીનતાનો અને એની અદ્ભુતતાનો નાશ ન થાય. આજે વર્ષોનાં વર્ષો વહી જવા છતાં આપણાં તીર્થો અને મંદિરોના વહીવટકર્તાઓને એ ખબર નથી કે જીર્ણોદ્ધાર એટલે શું ? અને જીર્ણોદ્ધાર કોને કહેવાય ? કોઈ પોકારી પોકારીને કહે તો તે સાંભળવાને તેમને કાન હોતા નથી અને સમજવાને બુદ્ધિ તેમ જ હૃદય હોતું નથી. વધારે દૂર ક્યાં જઈએ પણ આપણી માન્ય આણંદજી કલ્યાણજીની પેઢીના શેઠિયાઓને અને કાર્યકર્તાઓને પણ ખબર નથી કે જીર્ણોદ્ધાર એટલે શું ? સ્વર્ગસ્થ શેઠ શ્રી વેણીચંદ સૂરચંદભાઈએ ઠેકઠેકાણે આરસની લાદીઓ લાદી લાદીને કેટલેય નાશ કર્યો છે, મંદિરને લક્ષણવિહીન કર્યાં છે. રખે ક્યાંય શત્રુંજયની પ્રાચીનતા કાયમ રહી જાય એ માટે લેખોવાળા પરિકરો કાઢી નાંખ્યા છે અથવા લેખો ઢાંકી દીધા છે ! આવી અનેક વાતો પેઢીના કાર્યકર્તાઓના ખ્યાલમાં હજુ સુધી આવી જ નથી. પેઢીના કાર્યકર્તાઓના મગજમાં જે વાતો પ્રતિક્ષણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રમતી રહેવી જોઈએ, તેનો તેમને સ્વપ્નેય ખ્યાલ હોતો નથી, એ કેટલું બેહૂદું તેમ જ શોચનીય છે. આજે સિદ્ધાચળજી ઉપર નજર કરીશું તો ભાગ્યે જ પ્રાચીનતા નજરે આવશે. પૈસા કમાવા ખાતર મંદિરોની મજબૂત ભીંતોને તોડીને નવા ગોખલાઓ બનાવી અહીંની મૂર્તિઓ ત્યાં અને ત્યાંની મૂર્તિઓ અહીં એમ એકબીજા ઠેકાણેની અને એકબીજાના નામની મૂર્તિઓની ફેરબદલી કરવાનું કામ ઘણી હોશિયારીથી કરાય છે, અને કરાયું છે. મંદિરની ભીંતોમાં નવેસર ગોખલાઓ કરવાથી ભીંતનો ઓસાર પાતળો પડતાં મંદિર અલ્પાયુ થાય, એ વાતનો વિચાર પૈસા કમાનારે શા માટે કરવો જોઈએ વારુ ? મેં એવી અનેક મૂર્તિઓ જોયેલી છે કે જેની મૂળ દેરી અને શિલાલેખ આદિ બધુંય કાયમ હોવા છતાં મૂર્તિને ત્યાંથી દેશવટો ભોગવવો પડચો છે. આવાં પરિવર્તન ઉચિત ન ગણાય. અસ્તુ. આ તો મેં પ્રસંગવશાત્ લખી નાખ્યું.

આ તીર્થનો વહીવટ પણ આપણી પેઢી કરે છે. એની જ દેખરેખમાં મંદિરના આવશ્યક જીર્ણોદ્ધારનું કામ ન થયું અને ફરતીમાંની દેરીઓમાં આરસની લાદીઓ ચોંટાડવામાં આવી છે. એ માટે અમદાવાદના જ કોઈ ભાગ્યવાન શ્રાવકે પચીસ–ત્રીસ હજાર રૂપિયા આપ્યા છે એમ સાંભળવામાં આવ્યું છે. ફરતીની દેરીઓમાં આરસની લાદીઓ ચોંટાડચા સિવાય કાંઈ અટકયું ન હતું; એના બદલે બીજા આવશ્યક કામ માટે જો ખરચ કર્યું હોત તો તે વધારે ઉચિત ગણાય.

આ મંદિરને સામાન્ય રીતે જોતાં પણ બે કલાક લાગે તેમ છે. જે ખરા જોનાર આવે છે તેઓ એક દિવસમાં મંદિર જોઈ શકતા નથી. અમે મંદિરના નિરીક્ષણ માટે પાંચથી છ કલાકનો સમય ગાળ્યો હતો અને અમારી યાત્રા સમાપ્ત કરી હતી. અહીંની યાત્રામાં આપને અમે વારંવાર યાદ કર્યા હતા.

એ જ. શિશુઓને યોગ્ય સેવા ફરમાવશો. કૃપાદૃષ્ટિ છે તેવી રાખશોજી. લાભવિ. મ., કર્પૂરવિ. મ. મેઘવિ. મ. આદિને સાદર વંદના.

દ. શિશુ પુણ્યની ૧૦૦૮ વાર વંદના.

दीसइ विविहऽच्छरियं, जाणिज्जइ सुजण–दुज्जणविसेसो ।
विन्नाणं च कलिज्जइ, हिंडिज्जई तेण पुहवोए ॥ १ ॥

['પ્રસ્થાન,' ભાદ્રપદ, સં. ૧૯૮૮]

વિહારવર્ણન

[૩]

જૈનેતર આદિ દરેક પ્રજા કેસરિયાજીની ઉપાસના કરે છે ખરી, પણ એ બધાય કરતાં એ પ્રભુની પરમ ઉપાસક અહીંની ભીલ પ્રજા છે. સમયના ફેરફાર સાથે ભલે બીજી પ્રજા કેસરિયાનાથજીની ઉપાસના છોડી દે, પણ અહીંની ભીલ પ્રજા એ પ્રભુની ઉપાસનાને સ્વપ્નેય વિસારે તેમ નથી. કેસરિયાનાથની અનન્ય ભક્ત એ પ્રજાના રીતરિવાજ આદિ ઘણું રસપ્રદ છે. એટલે એ પણ આપને જણાવું છું. ઉદયપુર અને ડુંગરપુર સ્ટેટમાં મળી એમની વસતી આશરે ચાર પાંચ લાખ જેટલી હશે. એ પ્રજા એટલી નીતિશીલ છે કે, પોતાની ચોકી મળી ગયા પછી પ્રાણાંતે પણ માણસને આંચ આવવા ન દે. એ પ્રજા એટલી સંવિભાગશીલ છે કે, પોતાને ત્યાં પોતાના નાતીલા ગમે તેટલા આવે તોપણ એ સૌને આપીને જ પોતે ખાય. એ લોકો મુખ્યત્વે ખેતીથી અને તે સિવાય જંગલનાં લાકડાં, ઘાસ આદિ ઉપર પોતાનો નિર્વાહ ચલાવે છે. પહાડોમાં જ્યાં ભીલોની જ વસતી છે ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની પાસેથી ઘાસ, લાકડાં આદિનો સ્ટેટ તરફથી કર લેવામાં આવતો નથી. જ્યાં બીજી વસતી હોય ત્યાં કર લેવામાં આવે છે. એમનો ખોરાક મુખ્યત્વે બાજરી, મકાઈ અને ખડધાનનો છે. અને શિકાર કરી માંસાહાર પણ એ લોકો કરે છે. આ પ્રજા એટલી વ્યસની છે કે તેમના પૈસા બધા દારૂમાં જ ઊડી જાય છે. એમનાં ગામો ત્રણ-ચાર માઈલના વિસ્તારમાં વસેલાં હોય છે. એ પ્રજા દારૂ પીનાર અને ઝનૂની હોઈ આપસઆપસમાં લડી ન પડાય એ ઉદ્દેશથી જુદી જુદી ટેકરીઓ ઉપર દૂર દૂર એક એક બબ્બે ઘર, ઝૂંપડાં વગેરે બાંધી વસે છે. એમના લગ્નનો વિધિ બ્રાહ્મણગોર કરાવે છે. અને એ ગોરને તેઓ જ્યારે ખેતી પાકે ત્યારે લાગાઓ આપે છે. કોઈ કારણસર એમને એકઠાં થવાની આવશ્યકતા પડે ત્યારે ત્યારે તેમનો નાયક ઢોલ વગડાવે અને એ દ્વારા સૌને એટલી ત્વરાથી ભેગા કરે કે એક સાધનસંપન્ન રાજા પણ એટલી ત્વરાથી એ કામ ન કરી શકે. ઢોલના શબ્દ ઉપરથી જે જાતનું કામ હોય તેને એ લોકો પારખી લે છે. ઉદયપુર અને ડુંગરપુર રાજ્યમાં એકથી બીજે ગામ જતાં ઠરાવેલ ચોકી આપવી પડે છે. મેળા ઉપર કેસરિયાજીની યાત્રાએ આવનાર માટે ચોકીનો દર અર્ધો છે. સાધુ, બ્રાહ્મણ, રાજપૂત, મુસલમાન પાસેથી ચોકી ક્યાંય લેવાતી નથી; તેમ સરકારી અમલદારો અને સરકાર જેમની ચોકી માફ કરે તેમની પણ ચોકી નથી લેવાતી. ચોકી લેનાર ભીલો ફલાવાર વારો આવે ત્યારે વારાફરતી ચોકી લેવા આવે છે-બેસે છે. ભીલ પ્રજા ભૈરવ, જોગણી, કાલિકા, ચંડી આદિ ઘણાંય દેવદેવીને માને છે, તેમ છતાં એ લોકો કેસરિયાનાથજીને સૌથી વધારે માને-પૂજે છે. જ્યારે ત્યારે ડગલે ને પગલે કેસરિયાનાથજીની જ બાધા-આખડી રાખે છે. દર પૂનમે એમનાં ટોળાં કેસરિયાજી આવે છે. પણ ફાગણ વદિ આઠમના મેળા ઉપર તો એમનાં ઝૂંડનાં ઝૂંડ આવે છે. આ દિવસે ચારે તરફ નજર નાખીએ ત્યાં રસ્તાઓ ભીલ-ભીલડીથી જ ઊભરાતા હોય છે. આ મેળાને દિવસે રસ્તાની ચોમેર માઈલો સુધી ટેકરીઓ ઉપર ભીલો ચોકી કરતા આઠે પહોર ઊભા રહે છે. કેસરિયાજી આવનાર ભીલ-ભીલડીઓ ગીતો ગાતાં ગાતાં આવે છે, અને મેળાને દિવસે તો એમનાં ઝૂંડનાં ઝૂંડો ગીતો ગાવામાં મસ્ત રહે છે. એ ગીતોમાં મુખ્યત્વે બાધા-આખડી રાખનારને શો લાભ થયો એ જ વર્ણન હોય છે. નમૂના દાખલ એક ગીત આપને લખી મોકલાવું છું :

અમદાવાદ મોડા તીરથ૦ જાઈ રે જાઈ.

કુંવર માંદો થાય તીરથ૦ ઘણો અકલો[1] થાંઈ તીરથ૦
થારી [2]બોલમાં લઈ રે તીરથ૦ કુંવરીઓ વંચે[3] તીરથ૦
કુંવર હજગ[4] વલિઓ તીરથ૦ પ્યારી સંઘ ચાલો તીરથ૦
સોનાવાલો મોરીઓ[5] તીરથ૦, રૂપાવાળી ચકલી તીરથ૦.
રૂપાવાળા કુકડા તીરથ૦, સોનાવાળી માછલી તીરથ૦.
મગરા[6] માંહે ધુલેવ હૈ તીરથ૦, પારી સંઘ ચલાવો તીરથ૦.
હાથ માંહે જલરો લોટીઓ તીરથ૦, હાથ મુંડા ધોવો તીરથ૦.
ઉગતો સૂરજ બાંદી લેવો તીરથ૦, લીલી પીળી ગાડી તીરથ૦.
કુંવર રમતો થાયો તીરથ૦, સઘળો સંગ ચાલવા લાગો તીરથ૦.
નોરલ જોડ મેલ્યો તીરથ૦, અમદાવાદ દૂ મોડા તીરથ૦.
રસ્તે લાગો તીરથ૦, દનડો[7] બૂડી[8] જાય તીરથ૦.

---

૧ માંદો. ૨ પગે ચાલીને યાત્રા કરવાની બોલમા એટલે માનતા. ૩ વંચે-બચે, જીવતો રહે. ૪ હજગ-વલિઓ-વધારે માંદો પડચો. ૫ મોર. ૬ નાનાં ડુંગરા. ૭ દિવસ. ૮ આથમે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાડીને બગીચા તીરથ૦,
સગવાડે સુથાર બોલાવો તીરથ૦, ધામતો[૯] જુણ[૧૦] મોકલો તીરથ૦.
ચનણરૂક[૧૧] કટાવો તીરથ૦, ચનણુ તો વેરાવો તીરથ૦.
ગાડીઓ ઘડાવો તીરથ૦, અડદી ગાડી અડદી વાલી તીરથ૦.
પારી સંઘ ચલાવો તીરથ૦, સૂરજ કેમે ઝાંકો તીરથ૦.
કાચે રે બેડલો તીરથ૦, કાંક[૧૨] બેડલી તીરથ૦.
મોર સાતે ને સયા[૧૩] તીરથ૦, દાતણીઆને મોડો તીરથ૦.
સાથેરે કડકા[૧૪]રાલુ તીરથ૦, સાથે વાટી[૧૫] આલુ તીરથ૦.
સાળુ[૧૬] કાગલા કરા તીરથ૦, કાચનો બેડલો ભરી લાવો તીરથ૦.
તટકે બેઠેલો છોડી લેવો તીરથ૦, જાઈ રે ધામા દોડ તીરથ૦.
ઢેપરી[૧૭] રે જાંપા ટૂટો તીરથ૦, ચલાવો ગાડી ચલાવો તીરથ૦.
કાલોજી સામલોજી તીરથ૦, ગુજરાતમેં સામલોજી તીરથ૦.
ખડકમેં કાલોજી તીરથ૦, ડુંગરપુર પડાવ તીરથ૦.
ધામતીરે ડાક મોકલો તીરથ૦, ધામા દોડે રેડાક તીરથ૦.
સઘળો સંઘ ચલાવે તીરથ૦, હિંદુ વડલો આઈ તીરથ૦.
ખેરવાડા આવી લાગો તીરથ૦, તીયાં[૧૮] પડાવ કરાવો તીરથ૦.
દનડો બૂડી જાય તીરથ૦, દનડો ઊગી જાય તીરથ૦.
સંઘ ચલવે લાગો તીરથ૦, આવી લાગો સોમ તીરથ૦.
આવી લાગા મયાવાલી વાવડી તીરથ૦, આવી લાગા કાલાજી તીરથ૦.
પારીરે[૧૯] બોલમા ચોડી તીરથ૦, રૂપાવાળા મોરીયા તીરથ૦.
મોરીયા તો ચોડા લાગા તીરથ૦, ચકલી તો ચોડવા લાગા તીરથ૦.
રૂપાવાલી માછલી તીરથ૦, માતલી તો ચોડવા લાગા તીરથ૦.
કેસર ચોડવે લાગા તીરથ૦, બોલમા તો આવી કોદી તીરથ૦.

આ જાતનાં ગીતો ગાય છે. ગીતો સ્ત્રી અને પુરુષ સાથે મળીને પણ ગાય છે. પુરુષો અને સ્ત્રીઓ અર્ધચંદ્રાકાર ઊભાં રહીને ફરતાં ફરતાં તાલીઓ પાડતાં ગાય છે. વચમાં તાન ચડાવવા માટે ઊંચેથી પુર્ર્ર્ર્ર્ર્ર્ર્ શબ્દ વારંવાર બોલીને કૂદતાં રહે છે. દરેક ગીતને એક જ પદ્ધતિથી જાડા સ્વરે ગાય છે, દરેક કડીને બીજી વાર બોલતી વખતે આદિમાં ‘ જાઈ મારે તીરથ જાઈ રે ’ ઉમેરે છે, જેમ કે:–

અમદાવાદ મોડા તીરથ જાઈ રે,
જાઈ મારે તીરથ જાઈ રે, અમદાવાદ મોડા તીરથ જાઈ રે જાઈ.

યાત્રાએ આવનાર દરેક ભીલ–ભીલડી નાહીધોઈ પ્રભુની પૂજા કરે છે, અને પ્રભુને ગળે, હૃદયે, ચરણે વળગી પડે છે, તેમ જ જોરજોરથી જેકારા બોલતા રહે છે.

ભીલોમાં વૈરાગ્ય આવે છે ત્યારે ભગત બની જાય છે. એ ભગતો માંસાહારનો સદંતર ત્યાગ કરે છે, અને ભીલોની સાથે ખાવાનું પણ છોડી દે છે. ભગતો એકબીજાને ત્યાં ખાય પીએ ખરા. એ

---

૯ દોડતા. ૧૦ જુણ–જનમાણસ. ૧૧ ચંદનનું ઝાડ. ૧૨ કાખમાં. ૧૩ સખીઓ. ૧૪ કોગળા. ૧૫ ઘઉંના લોટની બાટી. ૧૬ ચુલુ કોગળા. ૧૭ ઠાકોર. ૧૮ ત્યાં. ૧૯ પગે ચાલીને યાત્રા કરવાની માનતા ચડાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકો ખાસ કાંઈ જ્ઞાન ધરાવતા હોતા નથી, એટલે ઉપદેશ આપવા જેવું કાંઈ કરતા નથી; પણ પોતાની પ્રણાલી પ્રમાણે જે ભજનો આવડતાં હોય તે ભીલોને સંભળાવે છે. એ ભગતો કેસરિયાનાથજીના ઉપાસક હોય જ છે.

અહીંની ભીલ પ્રજાની "શ્રી કેસરિઆનાથજી પ્રત્યે આટલી દૃઢ ભક્તિ, યાત્રા કરવા આવતાં જતાં શ્રીકેસરિયાજીનાં વિધવિધ ગીતો ગાવાં, કોઈ પ્રસંગ પડતાં કેસરિયાનાથની જ માનતા માનવી, એના નામ પર પ્રાણ પાથરવા તૈયાર થવું." ઇત્યાદિ બાબતો જોતાં મને લાગે છે કે કોઈ જમાનામાં આ આખીયે પ્રજા ચુસ્ત જૈન ધર્માવલંબી હોવી જોઈએ. કોઈ અકલ્પ્ય પરિસ્થિતિમાં પરાવર્તન પામી જવા છતાં એ પ્રજામાં હજુયે જૈનત્વનાં ઉપર્યુક્ત અવશેષો રહી જવા પામ્યા છે. લોભ–લાલચને વશ થઈ આપણે ગમે તેવાં દેવી–દેવતાઓની માનતા કે ઉપાસના કરીએ તેમ છતાંયે દેવી–દેવતાઓ સાથે આપણો અંગત લેશ પણ સંબંધ જોડાતો નથી, જ્યારે આ ભીલજાતિ માટે તેમ નથી; બલ્કે પોતે જે અનેકવિધ દેવી–દેવતાઓને રાતદિવસ માનતા પૂજતા હોય છે તેનાથી પણ અધિક કેસરિયાનાથજીની ઉપાસના કરે છે, કષ્ટ આદિ આવી પડતાં એની જ માનતા માને છે અને એના નામના સોગન લીધા પછી ક્યારે પણ પ્રતિજ્ઞાભ્રષ્ટ થતા નથી–એથી, ખરે જ એ પ્રજા એક કાળે જૈન ધર્માવલંબી હશે એમ માનવાને કારણ છે.

પૂજ્ય ગુરુદેવો ! આ વખતે અમે કેસરિયાનાથજીમાં ચાર દિવસ રહ્યા. યાત્રા સારી રીતે કરી, અને જે જાણી શકાય તે જાણવા યત્ન પણ કર્યો. ચૈત્ર વદિ બીજને દિવસે પ્રભાતમાં કેસરિયાનાથજીનાં દર્શન કરી અમે ઉદયપુરનો રસ્તો લીધો. પહેલે દિવસે પ્રસાદ અને બીજે દીવસે ટીડી આવી રહ્યા. અહીં અમને સમાચાર મળ્યા કે અહીંથી પૂર્વ દિશામાં બે માઈલ ઉપર જાવર માતા છે. ત્યાં જૈન-જૈનેતરનાં ઘણાં મંદિરો તૂટેલાં પડ્યાં છે, અને તે જોવા લાયક છે. પૂજ્ય આચાર્યદેવની આજ્ઞા લઈ બપોરના ત્રણ વાગે હું, મુનિ શ્રી ચરણવિજયજી અને રમણિકવિજયજી ત્યાં જવા તૈયાર થયા. જતી વખતે પૂજ્ય આચાર્ય મ૦ એ ભલામણ કરી કે સાથે પાણીનો ઘડો લઈ જાઓ, જેથી આવતાં સાંજ પડી જાય તો હરકત ન પડે. આચાર્ય દેવની આજ્ઞા પ્રમાણે અમે પાણી લઈને એ ચોકી કરનાર અમારા માણસો સાથે ત્યાં ગયા. ગામમાં પ્રવેશ કરતાં જ સૌ પહેલાં જાવર માતા ઉર્ફે અંબાજીનું મંદિર આવ્યું. એના સામે શિવનું મંદિર છે, અને અહીંથી અર્ધા પોણા માઈલની દૂરી પર વિષ્ણુ ભગવાનનું મંદિર છે. આની વચમાં આપણાં ચાર ભવ્ય મંદિરો ઉભેલાં છે. સાર–સંભાળ ન હોવાથી એ બધાંય તૂટીફૂટી ગયાં છે, તેમ છતાં હજુ ઘણોય ભાગ ઊભો છે. દરેકમાં અત્યારે ઘાસ ભરવામાં આવે છે. બારશાખ તેમ જ થાંભલાઓમાં લેખો વિદ્યમાન છે. એ બધા અમે ઉતારવા લાગ્યા; પણ સૂર્યે એટલી શીઘ્ર ગતિ કરી કે અમે અમારું કામ પૂરું કરી રહીએ તે પહેલાં જ એ અદૃશ્ય થઈ ગયો. અમારે બે માઈલ જવાનું હતું. ભયંકર પહાડી રસ્તો હતો. છેવટે પથરામાં અથડાતા અથડાતા ટીડી તરફ ચાલ્યા. રસ્તામાં આચાર્ય મહારાજશ્રીએ સામે ચોકીઆત મોકલ્યા હતા તે મળ્યા. તેમની પાસે દીવો હતો. એટલે અમને ચાલવાથાં સુગમતા પડી. અમે ટીડી પહોંચ્યા, અને પ્રતિક્રમણ કરી બીજે દિવસે જાવર જવાની આજ્ઞા અમે આચાર્ય મ૦ શ્રી પાસે માગી. તેઓશ્રીની આજ્ઞાથી અમે પહેલા દિવસના ત્રણે સાથીઓ પાછા જાવર ગયા. ત્યાં કોઈ શ્રાવકની વસતી ન હોવાથી અમે આસપુરના આપણા શ્રાવક શેઠ નિહાલચંદજી તારાવત અને કચરૂભાઈને સાથે લઈને ગયા. અને બાકી રહેલા બધા લેખ લીધા, અને પાછા દૂર આવેલ બીજાં પાંચ મંદિરો જોવા ગયા. ત્યાં જે લેખો હતા તેનો પણ ઉતારો કર્યો. એક મંદિરમાં તો બરાબર પચાસ ઇંચની પદ્માસનાકાર બે સુંદર મૂર્તિઓ તદ્દન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અખંડ પડેલી છે. એકંદર આપણાં નવ મંદિરો છે, જે વિશાળ અને અતિભવ્ય છે. જૈનેતરનાં દસેક મંદિરો છે. પણ એ તદ્દન સાદાં અને નાની દેરી જેવાં છે. ઉપર મેં જે ત્રણ જાવર માતા, શિવ અને વિષ્ણુનાં મંદિર જણાવ્યાં છે એ તો વિશાળ, અતિ સુંદર અને વિક્રમની સોળમી સદીમાં બનેલાં છે. શ્રીમતી મીરાંબાઈ અહીંના વિષ્ણુમંદિરમાં વસતાં હતાં, એમ કહેવાય છે. મુસલમાનો સામેના યુદ્ધના પ્રસંગે રાણા પ્રતાપે અહીંના પહાડો ઉપરના કિલ્લામાં ઘણો સમય વીતાવ્યો છે. આ ગામનો અને આપણાં મંદિરોનો મુસલમાન યુદ્ધના સમયમાં જ નાશ થયો છે. તે પછી એ ગામ ફરીથી વસ્યું છે, પણ પૂર્વની આબાદી એમાં આવી શકી નથી. આપણાં મંદિરો પંદરમી અને સોળમી સદીમાં બનેલાં છે. સવારથી બપોરના એક વાગ્યા સુધી અમે આ મંદિરો જોવાનું કામ કર્યું, તે પછી આહાર કરી વિશ્રાંતિ લઈ ઠંડો પહોર થતાં સાંજે અમે છ માઈલ દૂર બારાપાલ પહોંચ્યા. આચાર્ય મહારાજ શ્રીએ આજે કાયા પડાવ કર્યો હતો. બીજે દિવસે સવારે તેઓશ્રી ઉદયપુર પહોંચવાના હતા, અને અમારે પણ લાંબો પંથ કાપી ઉદયપુર જ પહોંચવાનું હતું. આચાર્ય મહારાજ અમારા માટે ગામબહાર રોકાયા એટલે અમે સાથે પ્રવેશ કરી શકયા.

આપશ્રીએ પૂજ્ય આચાર્યદેવ ઉપર લખ્યું હતું કે પુણ્યવિજયજી શેઠજી રોશનલાલજીને ઓળખતા નથી તો પરિચય કરાવજો અને એમની પાસેથી સાંભળવા જેવી અને જાણવા જેવી વાતો સંભળાવજો. આપની સૂચના મુજબ શેઠ રોશનલાલજીનો ઠીક પરિચય થયો. એઓશ્રી પાસેથી ઘણો ખજાનો છે. કોઈ શ્રમ કરનાર હોય તો ઘણું જ કામ થઈ શકે તેવું છે. મેં તેમની પાસે ઘણી વાતો સાંભળી, અને દિવસો સુધી તેમની વાતો સાંભળીએ તો ખૂટે તેમ નથી. તેમની પાસે મહારાણા પ્રતાપે શ્રી હીરવિજયસૂરિ ઉપર લખેલ પત્રની મૂળ નકલ છે તેની મેં નકલ કરી લીધી છે, અને તેનો ફોટો ઉતારવાની ભલામણ કરીને આવ્યો છું, જે મારા પાટણ આવ્યા પછી આવશે. ઉદયપુર એક અઠવાડિયું રહી અમે ચૈત્ર વદિ ૧૧ના રોજ વિહાર કર્યો, અને મંડાર, મોટાગામ, નાંદેસમા, ઢોલ, સાયરા અને ભાણપુર આટલે ઠેકાણે મુકામ કરી બરાબર અક્ષયતૃતીયાને દિવસે અમે રાણકપુરજી આવ્યા. મોટાગામ અને નાંદેસમામાં આપણાં મંદિરો છે, પણ તેને પૂજનારા બધાય બારાપંથી અને તેરાપંથી થઈ ગયા છે. આ મંદિરો સોળમી સદીમાં બંધાયેલાં છે. સાયરાની પાસે એક ભાટનું સાયરા ગામ છે. ત્યાં આપણું એક મંદિર છે જે અત્યારે ખાલી પડયું છે અને સોળમી સદીનું છે.

એમ કહેવામાં આવે છે કે મેવાડની અંદર લગભગ આપણાં ત્રણ હજાર મંદિરો છે, જે અત્યારે નષ્ટ-ભ્રષ્ટ અથવા અર્ધનષ્ટ સ્થિતિમાં પડેલાં છે. આ બધાયનું અવલોકન કરવામાં આવે તો કેટલીયે ઐતિહાસિક સામગ્રી સાંપડે, પણ અંદર અંદર કલહમાં મચેલ આપણને કયાં આ વાતની પડી છે?

રાણકપુરજીથી સાદડી, વરકાણા, શિવગંજ, સીરોહી અને એની વચમાં આવતાં ગામોમાં મુકામ કરતા અમે આજે અણાદરા આવી પહોંચ્યા છીએ. આવતી કાલે પ્રભાતમાં અમે દેલવાડાનાં જગમશહૂર કોરણીવાળા મંદિરોનાં દર્શન કરી આનંદ હર્ષ મનાવીશું. સીરોહીથી અણાદરા આવતાં સીરોહી પહેલાં મીરપુર કરીને ગામ છે, તેમાં આપણાં ચાર મંદિરો છે. ત્રણ ખાલી પડયાં છે. ત્રણે અકબંધ મંદિરો છે. બે મંદિર તો મને એવાં લાગ્યાં છે કે તે બંધાયા પછી ગમે તે કારણે એમાં પ્રતિમાજી પધરાવવાનો સુયોગ મળી શકયો જ નથી. એક મંદિર એટલું બધું ભવ્ય, મહાન અને અજબ કોરણીવાળું છે કે જેને બંધાવવા બેસીએ તો હજારો રૂપિયા જોઈએ. એ મંદિર જીરાઉલા પાર્શ્વનાથનું હતું. આજે એ ખાલી પડયું છે. એ મંદિરમાં એકાદ મૂર્તિ હોય તો એની સારસંભાળ થાય, અને એ મંદિર તીર્થરૂપ બન્યું રહે. જે એક મંદિર સાધારણ મંદિર જેવું છે તેમાં પ્રતિમાઓ છે. અહીં એક

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ધર્મશાળા છે, તેમાં એક પૂજારી અને ચોકિયાત રહે છે. ગામ તદ્દન ભાગી ગયું છે. એક પણ ઘર અહીં નથી. એનાથી દૂર એક માઈલને છેટે એ ગામ ફરીથી વસેલું છે. આપણાં મંદિરો પહાડની વચમાં આવેલાં છે. સ્થાન ઘણું ભયંકર છે. અમારી સાથે સીરોહી રાજ્યના નાયબ દીવાનની ભલામણથી દરેકે દરેક ઠેકાણે ચોકિયાત હોય છે, એટલે અમે તો નિર્ભયપણે રહીએ છીએ.

હવે અર્બુદગિરિની શીતળતાનો અનુભવ કરી એમાંનાં ભવ્ય મંદિરોનાં દર્શન કરી પાછા અણાદરા મઢાર, પાંથાવાડા અને જેને માટે બૃહત્કલ્પ સૂત્રના ટીકાકારે "बन्नासायां पूरादवरच्यमानायां तत्पूरपानीयप्लावितायां क्षेत्रभूमौ धान्यानि प्रकीर्यन्ते" એવો ઉલ્લેખ કર્યો છે એવા બનાસ નદીના રેતાળ પ્રદેશનું પુનઃ દર્શન કરતા પાટણ આવીશું.

એ જ. યોગ્ય સેવા લખશોજી. સર્વ મુનિમંડળને સાદર વંદના. આપને દરેક ઠેકાણે યાત્રામાં યાદ કર્યા છે. શિશુઓ ઉપર કૃપાદૃષ્ટિ રાખશોજી.

આબુજી અમારે થોડું જ રહેવાનું હોવાથી હવે કાંઈ ખાસ લખવાનું રહેશે નહિ.

અણાદરા
વૈશાખ વદિ પ્રથમ દશમી
સંવત ૧૯૮૮

દ. શિશુ પુણ્ય ૧૦૦૮ વાર વંદના

['પ્રસ્થાન,' જ્યેષ્ઠ, સં. ૧૯૮૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org